# Shri Govind Guru University, Godhra

(Established Vide Gujarat Act No. 24/2015)

# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા

**(ગુજરાત એકટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)**

નં.એસજીજીયુ/પરીક્ષા/૨૦૨૨/૧૦૬૧૫ તા.૦૨/૦૨/૨૦૨૨

**પરિપત્ર-૨૬૨૦**

વિષય : ફાઈનલ ડીગ્રી સર્ટીફીકેટ રૂબરૂ આપવા બાબત.

સંદર્ભ : ઉપસચિવશ્રી, શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગરનો તા.૦૨/૦૨/૨૦૨૨ નો પત્ર

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી ખાતે વિવિધ અભ્યાસક્રમોમાં સફળતાપૂર્વક અભ્યાસ પૂર્ણ કરેલ વિદ્યાર્થીઓ કે જેઓએ ફાઈનલ ડીગ્રી સર્ટીફીકેટ મેળવવા માટે ઓનલાઈન અરજી કરેલ છે તેઓને ઉપરોક્ત સંદર્ભ અન્વયે જણાવવાનું કે, યુનિવર્સિટી દ્વારા દર વર્ષે ફાઈનલ ડીગ્રી સર્ટીફીકેટ પોસ્ટથી મોકલવામાં આવે છે પરંતુ તે મળવામાં વિદ્યાર્થીઓઓને ઘણી વખત સમય લાગે છે. ફાઈનલ ડીગ્રી સર્ટીફીકેટના અભાવે ઘણા ઉમેદવારો નોકરી માટે અરજી કરી શકતા નથી. આ માટે યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓના હિતમાં તા.૦૩/૦૨/૨૦૨૨ થી તા.૧૫/૦૨/૨૦૨૨ દરમિયાન સવારના ૧૧:૦૦ કલાક થી સાંજના ૦૫:૩૦ કલાક સુધી (જાહેર રજા તથા બીજા-ચોથા શનિવાર સિવાય) ફાઈનલ ડીગ્રી સર્ટીફીકેટ માટે ઓનલાઈન અરજી કરનાર વિદ્યાર્થીઓને રૂબરૂમાં ફાઈનલ ડીગ્રી સર્ટીફીકેટ પુરા પાડવાનું આયોજન કરેલ છે. આ માટે સંબંધિત ઉમેદવારે જાતે આવવાનું રહેશે તેમજ સાથે પોતાનું માન્ય આઈ.ડી. કાર્ડ (ચુંટણી કાર્ડ, આધાર કાર્ડ વિગેરે) ઓરીજીનલ અને ઝેરોક્ષ સાથે રાખવાની રહેશે. તા.૧૫/૦૨/૨૦૨૨ પછી કોઈપણ વિદ્યાર્થીને રૂબરૂમાં ફાઈનલ ડીગ્રી સર્ટીફીકેટ આપવામાં આવશે નહી તથા નિયત સમય-મર્યાદામાં રૂબરૂમાં આવી ન શકનાર વિદ્યાર્થીઓનું ફાઈનલ ડીગ્રી સર્ટીફીકેટ પોસ્ટથી મોકલવામાં આવશે. જેની સર્વે સંબંધિતોએ નોંધ લેવા વિનંતી.

પરીક્ષા નિયામક
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી,
ગોધરા.

બિડાણ : સંદર્ભ દર્શિત પત્ર

પ્રતિ,

- શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીનું ફાઈનલ ડીગ્રી સર્ટીફીકેટ મેળવવા માટે ઓનલાઈન અરજી કરનાર તમામ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂં.

અગત્યનું/તાત્કાલિક

ક્રમાંકઃપરચ/૧૨૨૨/૦૧૦૨/ખ-૨
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તા.૦૨/૦૨/૨૦૨૨

પ્રતિ,

કુલસચિવશ્રી............................

(૧) ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

(૨) એમ.એસ.યુનિવર્સિટી, વડોદરા.

(૩) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

(૪) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત

(૫) સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિધાગનગર.

(૬) મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર.

(૭) હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ.

(૮) શ્યામજીકૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી, ભુજ.

(૯) ડૉ.બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

(૧૦) શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ

(૧૧) ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર.

(૧૨) ઇન્ડિયન ઇન્સ્ટીટ્યુટ ઓફ ટીચર્સ એજયુકેશન, ગાંધીનગર.

(૧૩) શ્રી ગોવિંદગુરૂ યુનિવર્સિટી, ગોધરા.

(૧૪) ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ.

(૧૫) ગુજરાત ટેકનોલોજીકલ, યુનિવર્સિટી, ગાંધીનગર.

(૧૬) ઇન્સ્ટિટયૂટ ઓફ ઇન્ફ્રાસ્ટ્રકચર ટેક્નૉલોજી રિસર્ચ એન્ડ મેનેજમેન્ટ,(IITRAM), અમદાવાદ.

વિષયઃ ડિગ્રીનું પ્રમાણપત્ર રૂબરૂ આપવા બાબત.

શ્રીમાન,

ઉપર્યુકત વિષય અન્વયે જણાવવાનું કે, કોલેજના અંતિમ વર્ષમાં ઉર્તીણ થયેલ વિધાર્થીઓના ડીગ્રી પ્રમાણપત્ર યુનિવર્સિટી દ્વારા પોસ્ટમાં મોકલવામાં આવે છે.પરંતુ ઘણીવાર વિધાર્થીઓને ડીગ્રી પ્રમાણપત્ર પોસ્ટમાં ન મળવાના કારણોસર નોકરીની જાહેરાતમાં તેમની ડીગ્રી પ્રમાણપત્રના અભાવે અરજીના અસ્વીકારનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે આથી આવી પરસ્થિતિમાં જો કોઇ વિધાર્થી જરૂરી આધાર-પુરાવા સાથે યુનિવર્સિટી ખાતે રૂબરૂમાં ડીગ્રી પ્રમાણપત્ર મેળવવા આવે તો તેમેને રૂબરૂમાં ડીગ્રી પ્રમાણપત્ર મળી રહે તે મુજબની કાર્યવાહી સુનિશ્ચિત કરવા તથા કરેલ કાર્યવાહીની જાણ અત્રે કરવા આજ્ઞાનુસાર વિનંતી છે.

પ્રસ્તુત બાબત માન.મંત્રીશ્રી સંદર્ભ હોઇ ટોચ અગ્રતા આપવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ

(બી.એસ.પરમાર)
ઉપસચિવ
શિક્ષણ વિભાગ

નકલ રવાનાઃ અધિક અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી (શિક્ષણ)નું કાર્યાલય, આપના તા.૦૧.૦૨.૨૦૨૨ નો પત્ર ક્રમાંકઃમ.શિ.વિ.પ્રૌ/APS/168/2022 અન્વયે જાણ સારૂ.